सत्यमेव जयते

**રજા અને પેન્શનના હેતુસર સેવા સળંગ ગણવા બાબત.**

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

**ક્રમાંક:તલમ/૧૦૨૦૧૮/૪૪૬૩૫૧/૨(૧)**

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯/૧૨/૨૦૨૦

**વંચાણે લીધા:** (૧) નાણાં વિભાગના તા.૦૩/૦૭/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૯૭/૮૩૦/પી.

(૨) નાણાં વિભાગના તા.૨૯/૦૮/૨૦૦૩ના પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૦૨/યુ.ઓ.-૧૦૦૭/પી.

(૩) નાણાં વિભાગના તા.૦૬/૦૯/૨૦૦૫ના સુધારા ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ-૧૦/પી.

(૪) નાણાં વિભાગના તા.૧૦/૦૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ-૧૦/પી.

(૫) નાણાં વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:નપન/૧૦૨૦૦૧/ડીર૪૫/(૧૦૯૬/૨૦૧૪)/પી.

(૬) નાણાં વિભાગના તા.૦૯/૧૦/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/ઓ.૮૦૮/પી.

:: **પરિપત્ર** ::

સરકારી અધિકારી/કર્મચારીઓ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઈપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ સેવાઓને તેમની હાલની રાજ્ય સરકારની નિયમિત સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા અંગે વંચાણે લીધેલ ક્રમ-(૧) થી (૫) સામેના ઠરાવ/પરિપત્રોથી પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનાઓ અમલમાં છે. જે અંતર્ગત તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારપછી સરકારી સેવામાં જોડાયેલ કર્મચારીઓના કિસ્સામાં અગાઉની સેવામાં **GPF** ખાતું ધરાવતા હોય તેવા કર્મચારીઓની સેવા સળંગ ગણવાની મંજૂરી ન મળે ત્યાં સુધી **GPF**ની કપાત કરવાની થતી ન હોવા અંગેની વિગતવાર સૂચનાઓ વંચાણે લીધેલ ક્રમ-(૬) સામેના નાણાં વિભાગના તા.૦૯/૧૦/૨૦૧૯ના પરિપત્રથી આપવામાં આવેલ છે.

પરંતુ, અનુભવે ધ્યાને આવેલ છે કે, સેવા સળંગ ગણવા અંગેની મંજૂરી આપવા અંગેની દરખાસ્તો પૈકી તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ સરકારી સેવામાં જોડાયેલ અને અગાઉની સેવામાં **GPF** ખાતું ધરાવતા હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં સેવા સળંગની મંજૂરી મળેલ ન હોવા છતાં, **GPF**ની કપાત ચાલુ રાખવામાં આવે છે, જે નિયમોનુસાર નથી.

આથી, આ વિભાગ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી તથા તેના

**(P.T.O)**

નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓ/સંસ્થાઓનું નાણાં વિભાગના તા.૦૯/૧૦/૨૦૧૯ના ઉક્ત પરિપત્રની સૂચનાઓ પરત્વે ધ્યાન દોરવામાં આવે છે અને આ ઉક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા ઉપરોક્ત તમામ કચેરીઓ/સંસ્થાઓને જણાવવામાં આવે છે. કોઈ કિસ્સામાં, ઉપર્યુક્ત સૂચનાઓથી વિરુદ્ધ **GPF** કપાત ચાલુ રાખવામાં આવશે તો તેના પરિણામે ઉપસ્થિત થનાર જે-તે પરિસ્થિતિ માટે **GPF** કપાત કરનાર કચેરીના સક્ષમ સત્તાધિકારીની અંગત જવાબદારી રહેશે, તે બાબત પરત્વે પણ ધ્યાન દોરવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(પ્રતિક આર. દિવાન)
સેક્શન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ

**નકલ રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧/૩, જૂના સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કચેરીઓ/સંસ્થાઓ તરફ (નિયામકશ્રી, રોજગાર અને તાલીમ મારફત)
- સેક્શન અધિકારીશ્રી (પી શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ટેકનિકલ અધિકારીશ્રી, **IT Cell**, શ્રમ અને રોજગાર વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૦
- નાયબ સેક્શન અધિકારી ફાઈલ-૨૦૨૦